## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

■ વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.

■ તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.

■ તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮'' x ૧૨'' હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.

■ તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **નિધિ સંકેત દેસાઈ**ની છે. એ એક આઈટી કંપનીમાં બિઝનેસ એનાલિસ્ટ તરીકે જોબ કરે છે. નિધિ બ્રાન્ડ પ્રમોશનલ ઇન્ફ્લુએન્સર, ગરબા તથા દોઢિયા નિર્ણાયક, આર્ટિસ્ટ, પર્ફોર્મર પણ છે.

# પ્રિય સન્નારી

**કેમ છો? મજામાં ને?**

મિત્રો, દરેક દંપતીની એવી જ ઈચ્છા હોય કે તેમનું આવનાર બાળક સ્વસ્થ હોય, તંદુરસ્ત હોય પરંતુ નિયતિમાં જો કંઈ બીજું લખાયું હોય અને બાળક સ્વસ્થ ન જન્મે કે પછી નાની ઉંમરમાં કોઈ બીમારીને કારણે ખોડખાંપણ રહી જાય ત્યારે માતાપિતાની પીડા અસહ્ય થઇ જાય છે. ખરું ને? તેમને તેના ભવિષ્યની ચિંતા સતાવે છે કે ભવિષ્યમાં અમારી ગેરહાજરીમાં આ બાળક કેવી રીતે જીવી શકશે, કોણ તેનું ધ્યાન રાખશે? પરંતુ આવા સ્પેશ્યલ બાળકોને પણ જો યોગ્ય તાલીમ આપવામાં આવે તો તેમને પગભર કરી શકાય છે. તેઓ પણ પોતાના રોજિંદાં કાર્યો જાતે કરી શકે છે. જી હા, મિત્રો, આજે આપણે આવી જ એક સ્પેશ્યલ વ્યક્તિ વિષે વાત કરવાના છીએ કે જેની સિદ્ધિઓની નોંધ સમગ્ર દુનિયાએ લીધી.





આજે ૨૭ જૂન એટલે હેલન કેલર ડે. આજે આપણે એક અમેરિકન લેખક, રાજકારણી અને લેકચરર એવા હેલન કેલર વિષે થોડી વાત કરીએ. તેઓ બેચલર ઓફ આર્ટસની ડિગ્રી મેળવનાર સૌ પ્રથમ અંધ-બધિર વ્યક્તિ હતાં પરંતુ ડિગ્રી મેળવવા સુધીની અને ત્યાર પછીની તેમની સફર મુશ્કેલીઓથી ભરેલી, અવિશ્વસનીય અને અદ્ભુત હતી. ૨૭ જૂન, ૧૮૮૦માં અમેરિકાના પશ્ચિમ ટસ્કમબીયાના અલાબામામાં જન્મેલી હેલનને જ્યારે તે ૧૯ મહિનાની હતી ત્યારે એક ગંભીર બીમારી થઇ હતી અને તેમાં તેની દ્રષ્ટિ અને શ્રવણશક્તિ જતી રહી હતી. ૭ વર્ષની ઉંમર સુધી ફક્ત હોમ સાઈનના સહારે જીવતી હેલનના જીવનમાં તેના શિક્ષક એન સુલિવાનનો પ્રવેશ થયો અને દુનિયાના જ્ઞાનસાગરમાં ડૂબકી લગાવવાનું તેમણે હેલનને શીખવ્યું. ભાષાના સંપૂર્ણ અભાવને કારણે હેલન અત્યાર સુધી એકાંકી જીવન જીવતી હતી. તેમણે તેને ભાષા શીખવી, લખતાં - વાંચતાં અને બોલતાં શીખવ્યું અને તેને એકલતામાંથી બહાર કાઢી. એન સુલિવાન હેલનના આજીવન શિક્ષક રહ્યા. તેમણે હેલનને શાળાનું મુખ્ય ધારાનું શિક્ષણ પણ આપ્યું અને તે રીતે હેલનને હાવર્ડ યુનિવર્સિટીની રેડક્લિફ કોલેજમાં એડમિશન મળ્યું. આ રીતે હેલન યુનાઈટેડ સ્ટેટ્સની પહેલી અંધ-બધિર વ્યક્તિ બની કે જેણે કોલેજ ડિપ્લોમાની ડિગ્રી મેળવી હોય.

હેલન કેલર એક પ્રખ્યાત લેખક પણ હતાં. તેમણે પ્રાણીઓથી લઈને મહાત્મા ગાંધી સુધીના વિષયો પર ૧૪ પુસ્તકો, સેંકડો ભાષણો અને નિબંધો લખ્યાં હતાં. તેમણે ડીસએબલ્ડ લોકો અને મહિલાઓના અધિકાર, મજૂર અધિકારો અને વિશ્વ શાંતિ માટે ઝુંબેશ ચલાવી હતી. ૧૯૦૯માં તેઓ સોશિયાલીસ્ટ પાર્ટી ઓફ અમેરિકામાં જોડાયાં અને અમેરિકન સિવિલ લીબર્ટીઝ યુનિયનના સ્થાપક સભ્ય પણ હતાં. કેલરની આત્મકથા ‘ધ સ્ટોરી ઓફ માય લાઈફ’ (૧૯૦૩) માં તેમણે એન સુલિવાન સાથેના તેમના શિક્ષણ અનુભવ અને જીવન અનુભવનું વર્ણન કર્યું છે. જેને નાટ્યકાર વિલિયમ ગીબ્સે ‘ધ મીરેકલ વર્કર’ નામના નાટ્યમાં રૂપાન્તરિત કર્યું હતું અને તેના પર ફિલ્મ બની હતી. આમ, હેલન કેલરે તેમના સમયમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી હતી.

હેલન કેલર હિંમત અને આશાનાં પ્રતીક સમાન છે. તેઓ આશ્ચર્યજનક બુદ્ધિ, અવિશ્વસનીય દ્રઢ નિશ્ચય અને હિંમત તેમ જ અદમ્ય સિદ્ધિ ધરાવનાર વ્યક્તિ હતાં. તેમણે પોતાનું આખું જીવન બીજાના ભલા માટે સમર્પિત કર્યું, લોકોને તેમની મુશ્કેલીઓમાં આશાનું કિરણ બતાવવામાં મદદ કરી. દ્રષ્ટિ અને શ્રવણશક્તિ ધરાવતાં વિશ્વ સાથે અસરકારક રીતે સંપર્ક કરીને સંબંધ બનાવનાર તેઓ પ્રથમ અંધ-બધિર વ્યક્તિ બન્યાં હતાં. હેલન કેલરે મેળવેલી સિધ્ધિઓ અને તેમના વ્યક્તિત્વની યાદગીરી રૂપે તેમના જન્મદિવસને ‘હેલન કેલર ડે’ તરીકેની સૌ પ્રથમ ઉજવણી ૧૯૬૦માં થઇ હતી અને ત્યારથી દર વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે અને ખાનગી સંસ્થાઓ જેવી કે લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ અને અમેરિકન ફાઉન્ડેશન ફોર ધ બ્લાઈંડ તેમના જન્મદિવસની ઉજવણી કરીને તેમનું સન્માન કરે છે. આ દિવસ સંઘર્ષ સામે ટકી રહેવાની હિંમત રાખવાનું અને ડીસએબિલીટી વિષે જાગૃતિ લાવવાનું શીખવે છે.

હેલન કેલર અને તેમના જીવનના સંઘર્ષ અને સિધ્ધિઓ વિષે જાણ્યા પછી ખરેખર કહી શકાય કે વ્યક્તિ ફક્ત શારીરિક સ્વસ્થતાથી આગળ નથી વધતી, તે મનોબળ અને મહેનતથી આગળ વધે છે. આજે દુનિયામાં કેટલાંય બાળકો હશે જેઓ ફિઝિકલી ચેલેન્જડ હશે. કેટલાંકમાં દષ્ટિનો અભાવ હશે તો કેટલાકમાં શ્રવણશક્તિ ન હોય, કેટલાંક માનસિક રીતે અપંગ હશે તો કેટલાંક શારીરિક રીતે અપંગ હશે. આ બધી પરિસ્થિતિ હોવા છતાં જો તેમને યોગ્ય તાલીમ, વ્યવહારુ જ્ઞાન અને સમજ આપવામાં આવે તો તેઓ જીવનમાં ચોક્કસ આગળ વધી શકે છે. આપણે વ્હીલચેર પર બેઠેલી વ્યક્તિઓની ટેબલ ટેનિસ મેચ કે ક્રિકેટ મેચ પણ જોઈએ છીએ. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓનું મ્યુઝિકલ કોન્સર્ટ સંભાળવા જઈએ છીએ અને ઓટીસ્ટીક બાળકોની બાસ્કેટબોલ મેચ જોવા જઈએ છીએ. કેટલાક શહેરોમાં આપણે ડીસએબલ્ડ વ્યક્તિઓને રેસ્ટોરાં કે કોઈ બિઝનેસ ચલાવતા પણ જોઈ છે. આમ ડીસએબલ્ડ બાળકોએ કે તેમનાં માતા-પિતાએ નિરાશ થવાની જરૂર નથી. ઈશ્વરે જો તેમને આ જીવન આપ્યું છે તો ચોક્કસ તેની પાછળ કોઈ ને કોઈ કારણ તો હશે જ, તેમના જીવનનું ચોક્કસ કોઈ તો ધ્યેય હશે જ. આપણે ફક્ત તેમને તે ધ્યેય શોધવામાં મદદ કરવાની છે, હિંમત આપવાની છે, પ્રોત્સાહન આપવાનું છે. જેથી તે હેલન કેલરની જેમ પોતાનું જીવન સાર્થક કરી શકે. ‘ડીસએબલ્ડ ‘ વ્યક્તિઓ માટે સાચે જ ‘સ્પેશ્યલી એબલ્ડ’ કહેવાય છે એટલે કે તેમનામાં ક્ષમતાનો અભાવ નથી પરંતુ તેમની પાસે ખાસ ક્ષમતાઓ છે જેને પારખીને તે દિશામાં તેમને આગળ વધારીએ તો તેઓ પણ સફળતા મેળવી શકે છે. ‘હેલન કેલર ડે’ આપણને એ સફળતા માટે સંઘર્ષ કરવા પ્રેરે છે. આપણા સૌનું જીવન પણ ઉત્સાહ અને આશાઓથી ભરેલું રહે તેવી શુભેચ્છા! આવજો, ફરી મળીશું આવતા સપ્તાહે.

- **સંપાદક**

